
### આતંકવાદી ઘટના અને ભાદરવી મહામેળાના આયોજન સંદર્ભે

# અંબાજી મંદિર અને ચેકપોસ્ટની સુરક્ષા વધારાઈ





અંબાજી

શક્તિ ,ભક્તિ અને આસ્થા નો ત્રિવેણી સંગમ એટલે જગ વિખ્યાત ધામ અંબાજી ગુજરાત અને રાજસ્થાન બોર્ડર ઉપર અરવલ્લી પહાડો મા વસેલું જગત જનની માં અંબા નું આદ્યશક્તિપીઠ તરીકે પ્રખ્યાત છે આ ધામ મા વર્ષે દહાડે લાખો કરોડો માઈ ભક્તો માતાજી ના દર્શન કરવા આવે છે અને દર્શન કરીને ધન્યતા અનુભવે છે ત્યારે ગુજરાત પોલીસ અને બનાસકાંઠા પોલીસ ને મળેલા ઈનપુટ ના આધારે ગુજરાત ની વિવિધ ચેક પોસ્ટ ઉપર કડક સુરક્ષા વધારવામાં આવી છે સાથે બનાસકાંઠા જિલ્લા ના લોકપ્રિય શક્તિપીઠ અંબાજી મંદિર અને તેના આસપર્સ આવેલી આંતર રાજ્ય બોર્ડર પર પણ સુરક્ષા વધારવામાં આવી છે ,અંબાજી મંદિર ખાતે પણ ગેટ નંબર ૭ જે વીઆઈપી ગેટ થી ઓળખાય છે તે ગેટ બહાર પણ બોર્ડર વીંગ ને મૂકી દેવાઈ છે સાથે અંબાજી મંદિર મા પણ દિવસ મા બે વખત બીડીએસ અને ક્યુઆરટી ટીમ દ્વારા સઘન ચેકીંગ હાથ ધરવામાં આવ્યુ છે આવનારા થોડા દિવસો મા અંબાજી ખાતે ભાદરવી મહામેળો ૨૦૧૯ સાત દિવસ યોજાનાર છે ત્યારે આવા સમય અગાઉ કોઈ અનીચ્છનીય બનાવ ના બને તે માટે પોલીસ તરફથી મંદિર મા અને છાપરી ,જાંબુડી બોર્ડર ઉપર પણ સુરક્ષા વધારવામાં આવી છે.

વિશ્વ પ્રસિદ્ધ અંબાજી મંદિર ઉપર કોઈ આતંકવાદી ઘટના કે બીજી કોઈ ઘટના ના બને તે માટે ગુજરાત પોલીસ અને બનાસકાંઠા પોલીસ તરફથી કડક સુરક્ષા વધારવામાં આવી છે સાથે મંદિર મા આવતા તમામ લોકો ની કડક ચેકીંગ કરી સુરક્ષા કર્મચારીઓ પોતાની ફરજ બજાવી રહ્યા છે હાલ મા એલર્ટ ને પગલે અંબાજી મંદિર ખાતે ક્યુ આર ટી ની ૨ ટીમો ૨૪ કલાક માટે કાર્યરત કરાઈ છે બીજી તરફ બીડીએસ ની ટીમ પણ અંબાજી ખાતે કાર્યરત કરાઈ ને પોસ્ટ ઉભી કરાઈ દેવાઈ છે સાથે એસઓજી ,એલસીબી અને પેરો ફ્લો ટીમો પણ કાર્યરત કરાઈ છે સાથે ગુજરાત રાજસ્થાન બોર્ડર ગણાતી છાપરી બોર્ડર ઉપર પણ ૨ વધારાની હથિયાર ધારી પોલીસ અને વાહન ફાળવી દેવાયા છે અહીં થી પસાર થતી તમામ ગાડીઓ અને વાહનો ને પોલીસ દ્વારા ચેકીંગ કરવામાં આવે છે અને કોઈ અનીચ્છનીય ઘટના ના બને તે માટે પોલીસ વિભાગ તરફથી એલર્ટ આપવામા આવ્યુ છે.

### પરિણામ જાહેર થતા કહિં ખૂશી કહિં ગમ

# તલોદ માર્કેટયાર્ડની ચૂંટણીનું પરિણામ જાહેર : કલ્પેશ પટેલનો ભવ્ય વિજય

તલોદ, તા. ૨૨

સાબરકાંઠા જિલ્લાના વેપારીમથક તલોદનગરના માર્કેટયાર્ડની વહિવટી સમિતિના તાજેતરમાં યોજાયેલા ચૂંટણીનું પરિણામ જાહેર થતા વિજેતાઓના સમર્થકોમાં ભારે ઉલ્લાસ આનંદનું વાતાવરણ ઉદ્ભવ્યુ હતુ. જ્યારે કેટલાક પરાજિત ઉમેદવારોની છાવણીમાં ભારે સોપો પડી ગયો હતો. ઘોષિત થયેલા પરિણામોમાં એક સાથે બે વિભાગોમાંથી ભારે બહુમતી સાથે કલ્પેશકુમાર ડાહ્યાલાલ પટેલ વિજેતા જાહેર થયા હતા. તેઓ માર્કેટ સમિતિના ચેરમેન પદનો કાર્યભાર સંભાળશે જે નિશ્ચિત રીતે મનાય છે. તેઓ સહકારી મંડળીના વિભાગમાંથી અને ખેડૂત વિભાગમાંથી પણ વિજેતા થયા હતા. તેમની ચૂંટણી સંદર્ભની ચાણક્ય નિતિ તેમના તમામ સાથી મિત્રોને વિજેતા થવામાં કામ લાગી હતી.

આમ ઉલ્લેખનીય છે કે ખેતિવાડી ઉત્પન્ન બજાર સમિતિ તલોદના વહિવટી સમિતિના હોદ્દેદારોની મુદત પૂરી થતાં તાજેતરમાં તલોદ અને ગુરસોલ ખાતે ચૂંટણી પ્રક્રિયા સંપન્ન થઈ હતી. સમિતિની ૧૩ બેઠકો સાથે ૪૦ જેટલા ઉમેદવારોએ ઉમેદવારી પત્રક ભરીને ચૂંટણીના મેદાનમાં ઉતારવાનું મુનાસિબ માન્ય હતુ. અહિ સહકારી મંડળી વિભાગના માત્ર ૧ બેઠક સામે ૯ ઉમેદવારો ચૂંટણી જંગમાં હતા જેમાં ભવાની



ગ્રુપના સદસ્ય અને સાબરકાંઠા જિલ્લા બેંક તથા તલોદ માર્કેટ સમિતિના વર્તમાન ડીરેક્ટર કલ્પેશકુમાર ડાહ્યાલાલ પટેલે તેમના આઠ પ્રતિનિધિઓને પરાજિત કરીને ભવ્ય વિજય હાંસલ કર્યો હતો.

તે જ રીતે અહિ વેપારી વિભાગની ૪ બેઠકો સામે ૧૦ ઉમેદવારોએ ચૂંટણી જંગ ખેલ્યો હતો જેમાં અનુક્રમે અભયકુમાર આદાદાશ શાહ, મુકેશકુમાર બચુભાઈ પટેલ, કિરીટકુમાર ડાહ્યાલાલ શાહ, સુરેશકુમાર ચત્રભુજ શાહ વિજેતા થયા હતા.

ખેડૂત વિભાગની ૮ બેઠકો સામે ૨૧ ઉમેદવારો ચૂંટણીમાં રહ્યા હતા જેમાંથી કલ્પેશકુમાર ડી. પટેલ, બંસીધર બી. મહેતા, ભાઈલાલભાઈ બી. પટેલ (એડવોકેટ), સંજયકુમાર આર. પટેલ, બાબુભાઈ ગોપાળભાઈ પટેલ, રંગુસિંહ ડી. ઝાલા, ભરતભાઈ એમ. પટેલ, શાંતુભાઈ એમ. પટેલ વિજેતા થયેલ છે.

તલોદ માર્કેટ સમિતિના વર્તમાન વાઈસ ચેરમેન વિજય રામીનો પરાજય થયેલ છે તેમજ વર્તમાન ડીરેક્ટર અને વેપારી અગ્રણી કિર્તિકુમાર મહેતાનો કારમો પરાજય થવા પામેલ છે.

# વડગામના રૂપાલમાં શિતળા માતાના મંદિરે પરંપરાગત મેળો યોજાયો

બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાના રૂપાલ ગામમાં આવેલા વર્ષો પુરાણા શિતળા માતાના મંદિરે પરંપરાગત



લોકમેળો યોજાયો હતો.

જેમાં સવારથીજ વડગામ પંથક તેમજ પાલનપુર, સિધ્ધપુર સહીતના પંથકમાંથી ધર્મપ્રેમી જનતા ઉમટી પડી હતી. શિતળામાતાના મંદિરે દર્શન માટે સવારથી શ્રદ્ધાળુઓની લાઈન લાગી હતી. રૂપાલ પંચાયતના મહિલા સરપંચ માનીબેન પરમાર દ્વારા મેળામાં શ્રદ્ધાળુઓને અગવડતા ન પડે તે માટે વ્યવસ્થા કરાઈ હતી. વડગામ પોલીસ તેમજ છાપી પોલીસ દ્વારા મેળા દરમિયાન કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. પોલીસ અને હોમગાર્ડના જવાનો દ્વારા ખડેપગે રહીને આખો દિવસ ફરજ બજાવી હતી. દુરદુરથી આવેલા લોકો દ્વારા શિતળા માતાના મંદિરે સુખડી, ખજૂર, શ્રીફળ સાથે ટાઢા પાણી ભરેલા માટીના કુરબાન સહીત ચઢાવીને પોતાની બાધાઓ આખડી પૂર્ણ કરી હતી અને શિતળા માતાના મંદિરે દર્શન કરીને ધન્યતા અનુભવી હતી. દર વર્ષની જેમ આ વર્ષે પણ પરંપરાગત લોકમેળા લોકોની ભારે ભીડ ઉમટી હતી.

મેળામાં તંત્ર દ્વારા ચગડોળ બંધ કરાવતા ચગડોળ લઈને આવેલ માલિકોમાં નારાજગી વ્યાપી હતી અને ચગડોળની પરવાનગી જ ન અપાતા ભાડા ભરીને ચગડોળ લઈને આવેલ માલિકોમાં નારાજગી વ્યાપી હતી.



### અરવલ્લીમાં ખેડૂતો માટે પડતા પર પાટુ જેવો ઘાટ સર્જાયો

અરવલ્લી જીલ્લામાં અત્યાર સુધી સિઝનનો ૭૦ ટકા જેટલો વરસાદ ખાબકી ચુક્યો છે. જીલ્લામાં વાયુ ઈફેક્ટમાં મેઘ મહેર થયા પછી ધમાકેદાર એન્ટ્રી થતા ખેડૂતોએ હોંશભેર મગફળીના મોંઘા બિયારણો ખરીદી વાવણી કરતા ખેતરોમાં મગફળીનો પાક લહેરાઈ રહ્યો છે. મગફળીના પાકમાં ઈયળ નામની ઉપદ્રવ વધતા અને ખેતરમાં ઉભી મગફળીને જડમુળમાંથી ઉખાડી ફેંકાતા ભૂંડોના ટોળાના ત્રાસથી ખેડૂતોની હાલત દયનિય બની છે. અરવલ્લી જીલ્લાના માલપુર તાલુકા સહીત જીલ્લામાં ખેડૂતોએ મોટા પ્રમાણમાં મગફળીનું વાવેતર કર્યું છે. મેઘમહેર થતા મગફળીના પાકમાં સારો ઉતારો મળવાની આશાઓ પર ઈયળ નામની ઉપદ્રવે દેખા દીધા પછી પાણી ફરી વળ્યું છે. ખેડૂતો ઈયળના ઉપદ્રવને નાથવા મોંઘીદાટ દવાઓનો છંટકાવ કરી રહ્યા છે, બીજીબાજુ જીલ્લાના કેટલાક વિસ્તારોમાં રાત્રીના સુમારે ભૂંડોના ધાડેધાડા ઉતરી પડતા મગફળીનો ખેતરમાં ઉભા પાકનો સફાયો કરી દેતા ખેડૂતો માટે પડતા પર પાટુ જેવો ઘાટ સર્જાયો છે.

## ધાનેરા વી.એન. સવાણી પ્રાથમિક સ્કૂલમાં નાના ભૂલકાઓ દ્વારા જન્માષ્ટમી કાર્યક્રમો યોજાયો



ધાનેરા વી.એન. સવાણી પ્રા. સ્કૂલ માં બાળ મંદિરના નાંનાં ભૂલકાંઓએ જન્માષ્ટમી મહોત્સવ નિમિત્તે રાસ ગરબા તેમજ નૃત્ય કરી કાર્યક્રમ યોજ્યો હતો. આ પ્રસંગે નાંનાં ભૂલકા ઓ એ અલગ અલગ વેશભૂષા માં ડાન્સ અને નૃત્ય , ગરબા કરી આનંદ વ્યક્ત કર્યો હતો આમ જન્માષ્ટમીનો મહોત્સવ ઉજવી બાળકો આનંદમાં આવ્યા હતા આ પ્રસંગે બાલમંદિરનાં શિક્ષિકા શ્રીમતી પુષ્પાબેન જોષી એ ગીતો સાથે બાળકોને આનંદ આપ્યો હતો તથાં સ્ટાફ મિત્રો તેમજ આચાર્ય હાજર રહ્યા હતા.

# ધનસુરા ખાતે સાપ વિશેની જાણકારી અંગે કાર્યક્રમ યોજાયો



અરવલ્લી જીલ્લાના ધનસુરાના ઓધવ વિદ્યામંદિર ખાતે સાપોની જાણકારી અને સાપ કરડે તો શું સાવધાની રાખવી એ વિશેનો કાર્યક્રમ યોજાયો હતો. વિધાર્થીઓને સાપો વિશે જાણકારી મળે એ હેતુથી આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

દયા ફાઉન્ડેશનના ગિતેશભાઈ પટેલ અને તેમની ટીમ હાજર રહી હતી. દયા ફાઉન્ડેશનની ટીમ દ્વારા શાળાના વિદ્યાર્થીઓને સાપોના પ્રકાર, ઝેરી સાપ, બિનઝેરી સાપ તેમજ સાપો વિશે જાણકારી આપવામાં આવી હતી. સાપ કરડે તો તેની તાત્કાલિક સારવાર શું કરવી. અને સાપ ના કરડે તે માટે શું સાવધાની રાખવી તેમજ સાપ કરડે તો શું નુકશાન થાય એ વિષેની જાણકારી આપવામાં આવી હતી.

દયા ફાઉન્ડેશનની ટીમ ધ્વારા શાળાના વિદ્યાર્થીઓને આ અંગે ડેમો આપી જાણકારી આપવામાં આવી હતી.

### તલોદમાં શીતળા સાતમની અનોખી ઉજવણી

તલોદના સુપ્રસિદ્ધ યાત્રાધામ એવા એકલિંગેશ્વર મહાદેવના મંદિરે શીતળા સાતમની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. રાંધણ છઠ્ઠના દિવસે નિતનવી વાનગીઓ બનાવી સાતમની વહેલી સવારે ગૃહિણીઓ નિત-નવા ડ્રેસમાં સુસજ્જ બની થાળમાં વાનગીઓ લઈ દૂધ-પાણી જેવી વસ્તુઓથી માટીના બનાવેલા શિતળા માતાની મૂર્તિનું પૂજા-અર્ચના કરી દૂધ અને જળનો અભિષેક કરી વાનગીઓનું નિવેધ ચઢાવી લોક ગીતોથી માતાજીના આરાધના પૂજા કરી દિવસ દરમ્યાન ઠંડા પાણીથી સ્નાન કરી ઠંડુ ભોજન લઈ આજનો દિવસ અગ્નિ ન સળગાવી જુની પરંપરા મુજબ શિતળા સાતમની અનોખી ઉજવણી કરવામાં આવી હતી.

### જન્માષ્ટમીએ મોડાસાથી

# ૧૧૧ ફૂટની ધજા સાથે રણુંજા જવા પગપાળા સંઘ પ્રસ્થાન કરશે

મોડાસા, તા. ૨૨

ભગવાન રામદેવજીના અખંડ ઉપાસક બ્રહ્મલીન મહંત શ્રી ૧૦૮ પૂજ્ય ચંદુનાથજી યોગીના આશીર્વાદ અને પ્રેરણાથી સતત ૩૫ વર્ષે પણ મોડાસાથી રામદેવરા પગપાળા સંઘનું જન્માષ્ટમી તા. ૨૪-૮-૧૯ને શનિવારે સવારે ૯.૩૦ કલાકે મોડાસાથી પ્રસ્થાન થનાર છે.

ધાર્મિક પગપાળાયાત્રાનું નેતૃત્વ મહંત ધમેન્દ્રનાથજી યોગી અને મહંત જસવંતનાથજી યોગીજીના સાનિધ્યમાં હજારો રામદેવજીના સાનિધ્યમાં ભક્તોની સાથે પગપાળા જતા અખંડ જ્યોત અને ૧૧૧ ફુટના પાંચ નેજા સાથે ધર્મનો સંદેશો, પ્રભુ ભજન સાથે વિશ્વ શાન્તી, વ્યસન મુક્તિ અને એકતા અને અખંડીતતાના સંદેશ સાથે ૮૦૦ કિ.મી. પગપાળાયાત્રા ૩૫મા વર્ષે મોડાસાથી પ્રસ્થાન કરશે.

મહામંડલેશ્વર શ્રીશ્રી ૧૦૦૮ પોમજીમહારાજ ખંદરા રાજસ્થાન, મહામંડલેશ્વર શ્રી ૧૦૦૮ ઓમકારેશ્વરગીરીજી મહારાજ કાંકણીમઠ રાજસ્થાન, શ્રી ૧૦૮ મહંત શ્રી ધનેશ્વરગીરી મહારાજ દેવરાજ મોડાસા, રામદેવ ઉપાસક પૂ. હીરાદાદા (મોટી ઈસરોલ) તથા મહંત શ્રી ૧૦૮ પરશોતમસાહેબ કબીર આશ્રમ લુણાવાડા, સાંસદ દીપસિંહ રાઠોડ, મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર, મોડાસાના ધારાસભ્ય, લક્ષ્મણભાઈ પટણી, અધ્યક્ષ શ્રી વિચરતી વિમુક્ત જાતિ નિગમ ગુજરાત રાજ્ય ગાંધીનગર, શ્રી હેડાઉ ડાયરેક્ટર શ્રી ખાદી કમિશન અમદાવાદ અને મોડાસા નગરના મહાનુભાવો અને અન્ય સંતો મહંતો તથા મહાપુરુષોની હાજરીમાં નેજા પુજન કરી સર્વેના આશીર્વચન સાથે અખંડ રામદેવ જ્યોત સહિત હજારોની સંખ્યામાં પગપાળા યાત્રામાં જોડાયેલ ભાઈ બહેનો મંગલમય પ્રસ્થાન કરશે.

# પ્રધાનમંત્રી આવાસ યોજનામાં મકાન તો બનાવી દીધું પણ ચેક લેવા માટે ખેડૂત બે વર્ષથી ધક્કા ખાય છે

ધાનેરામાં પ્રધાનમંત્રી આવાસ યોજનામાં ખેડૂતે મકાન તો બનાવી દીધું પણ આજ દિવસ સુધી સરકાર દ્વારા તેના પૂરતી સહાય નથી આપી તો બીજી તરફ જિલ્લા ની કચેરીઓ ઓમાં મોટી લાગવગ ધરાવતા દાઉદ મુસલાએ લોકોને મકાન બનાવ્યા વગર જ સરકાર પાસેથી સહાય અપાવી દીધી અને સરકારના અધિકારીઓને પણ અંધારામાં રાખી લાખો રૂપિયાનું કૌભાંડ આચર્યું ત્યારે હવે જિલ્લાના એક જાગૃત નાગરિકે આ બાબતે લેખિત રજુઆત કરી દાઉદ મુસલા સામે કાયદેસરના પગલાં ભરવાની માંગ કરી છે અને જો તંત્રના અધિકારીઓ આ દાઉદ મુસલા સામે પગલાં નહીં ભરે તો કોર્ટના દ્વાર ખાખડાવવાની પણ ચીમકી ઉચ્ચારી છે.

ધાનેરા તાલુકા પંચાયતમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ પાસ થયેલા મકાનના પૈસા લેવા માટે એક ખેડૂત છેલ્લા બે વર્ષથી ધક્કા ખાઈ રહ્યા છે છતાં પણ તંત્રના અધિકારીઓ આ ખેડૂતને ચેક આપવા માટે ગલ્લા ટલ્લા કરી રહ્યા છે ત્યારે આ ખેડૂતને ચેક ન મળતા ખેડૂતે રાજ્યના મુખ્યમંત્રીને પણ લેખિતમાં રજુઆત કરી છે. બે વર્ષ અગાઉ જયંતીભાઈ ભીખાભાઈ રહે મલોત્રા વાળાએ પ્રધાનમંત્રી આવાસ યોજનામાં ફોર્મ ભર્યું હતું અને તેમને મકાન પણ પાસ થયું હતું સરકાર દ્વારા ૩૦ હજારનો હપ્તો પણ આપવામાં આવ્યો હતો અને આ ખેડૂતે મકાન બનવાનું ચાલુ કર્યું હતું પરંતુ બાકી નીકળતા ચેક આ જ દિવસ સુધી ન મળતા આ ખેડૂત આજે પણ ચેક લેવા માટે ધાનેરા તાલુકા પંચાયતના ધક્કા ખાય છે હવે તમે પણ સાંભળો આ ખેડૂતની વેદના ધાનેરા તાલુકા પંચાયતમાં ગમે તેવું કામ કરવું હોય તો પેલા પૈસા આપવા પડે છે અને જો કોઈ ખેડૂત પૈસા આપવાની ના પાડે તો તેને હેરાન થવું પડે છે. ધાનેરા તાલુકા પંચાયતના અધિકારીઓ દ્વારા તેમના એજન્ટો રાખવામાં આવ્યા છે અને એ એજન્ટો દ્વારા તમે કંઈપણ કામ લઈને જાઓ તો તરત જ થઈ જાય છે પરંતુ એજન્ટોને મો માંગી રકમ આપવી પડે છે. ત્યારે જો આ બાબતે અધિકારીઓ તપાસના આદેશ આપે તો ધાનેરાની તાલુકા પંચાયતમાંથી કરોડોનું કૌભાંડ બહાર આવે અને કેટલાય અધિકારીઓ જેલ ભેગા થાય. દાઉદ મુસલા જે લોકો પાસે જઈને લોકો પાસેથી મકાન સહાય માટે ડોક્યુમેન્ટ ઉઘરાવે અને લોકોને મકાન પાસ કરવી આપે જેમાંથી ૩૦ હજાર કરતા વધુ રકમ તે દલાલી પેટે લઈલે અને અરજદારને માત્ર થોડા જ પૈસા આપે છે. થોડા સમય અગાઉ એક મીડિયાકર્મી ધ્વરા આ દાઉદ મુસ્લાને ચાલુ કેમેરે પૂછપરછ કરતા તે ગલ્લા તલ્લાં કરવા લાગ્યો હતો. તેવો વિડીયો પણ શોશિયલ મીડિયામાં ફરતો થયો હતો ત્યારે હવે તમે પણ જુઓ આ વિડીયો એટલુંજ નહીં પણ આ દાઉદ મુસલા એ તો મકાન બનાવ્યા વગર પર લોકો ને સરકાર પાસેથી સહાય અપાવી ચુક્યા છે.

### ડીસા તાલુકા હેલ્થ વિભાગ દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાંથી

# ડેન્ગ્યુ-મલેરિયા નાબૂદ કરવાનો નવતર પ્રયોગ







ડીસા, તા. ૨૨

સમગ્ર રાજ્ય માં વરસાદ ની વિરામ ના પગલે ડેન્ગયું અને મલેરિયા જેવી બીમારી એ ગ્રામ્ય વિસ્તારોમાં ભરડો લીધો છે મલેરિયા અનેડેન્ગ્યુ જેવા જન્ય રોગો મચ્છર થી ફેલાય છે અને આ મચ્છરો પાણી માં ઈંડા મૂકે છે અને આ ઈંડા માંથી પોરા થાય છે અને પોરા માંથી પેદા થતા મચ્છર ડેન્ગ્યુ અને મલેરિયા ના ફેલાવવા તા હોયછે ત્યારે મચ્છર પેદા કરતા આપોરા ને નાબૂદ કરવા માટે ગપ્પી નામની માછલી આવે છે જે માછલી આવા પોરા ને ખાઈ જાય છે અને આવા મછર નું રહેઠાણ મોટા ભાગે પાણી જ્યાં વધુ ભરાતું હોય ત્યાં જ હોય છે તેમાંય ગ્રામ્ય વિસ્તારો માં તળાવો ટાંકી ઓ તેમજ પશુ ના અવાળા માં આવા પોરા વધુ માત્રામાં હોય છે ત્યારે આજે ડીસા તાલુકા હેલ્થ વિભાગ દ્વારા વાસણા જુનાડીસા વિસ્તાર માં આવી માછલીઓ હોવાથી તે માછલીઓ લઈને જો કાયમી તળાવ માં મુકવામાં આવે તો તે માછલીઓ આ પોરાને ખાઈ જાય છે અને તેથી મચ્છરજન્ય રોગો અટકાવી શકાય છે જેના ભાગ રૂપે આજે આવી માછલી ઓ વાસના અને જુનાડીસા ના તળાવો માંથી લઈ આસેડા અને ઢૂવા ના તળાવમાં મુકેલ છે જોકે ડીસા તાલુકા હેલ્થ વિભાગ દ્વારા ડેન્ગ્યુ અને મલેરિયા ની ઉત્પત્તિ ક રતા પોરા નો નાશ કરવાનો નવતર પયોગ હાથ ધરવામાં આવ્યો હતો

આ બાબતે ડીસા હેલ્થ વિભાગના તાલુકા હેલ્થ અધિકારી જીજ્ઞેશભાઈ હરિયાની એ જણાવ્યું હતું કે સમગ્ર રાજ્ય માં ડેન્ગ્યુ અને મલેરિયા જેવી બીમારી એ ભરડો લીધો છે ત્યારે આ રોગ માટે જવાબદાર ગણતા મચ્છર ના નાશ માટે તેમના ઉત્તપ્તિ સ્થાન એવા ગ્રામ્ય વિસ્તાર માં તલાવો પશુ ઓ ના પાણી પીવાના હવાળા પાણી ની ટાંકી ઓમાં પાણી લાંબા સમય થી પડી રહેતું હોઈ ત્યાં વધુ મચ્છર પેદા થતા હોય છે તેવી જગ્યા એ આ ગપ્પી નામની માછલી ની પ્રજાતિ જે આવા પોરા ને ખાઈ જતી હોય છે જેના લીધે મચ્છર ની ઉત્તપ્તિ અટકી જાય છે માટે આ નવતર પ્રયોગ હાથ ધરાયો છે.